Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# હિન્દી સિનેમામાં નારી શોષણના વિભિન્ન સ્વરૂપ

**ડૉ. મહેશકુમાર મકવાણા**

મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

નારી સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને વાર્તાની ગૂંથણી કરવામાં આપણા ફિલ્મકારો માહેર છે. તેઓની આ રુચિ ખૂબ જૂની અને જાણીતી છે. આ કારણે જ એક સમય વિશેષમાં નારીપ્રધાન ફિલ્મોનું નિર્માણ વધારે પ્રમાણમાં થયું અને એ જ પ્રમાણમાં દર્શકો તરફથી પણ તેને બહોળો પ્રતિસાદ સાંપડયો. એ અલગ વાત છે કે આપણા ફિલ્મકારો એ કયારેક નારીને દેવી બનાવી દીધી તો કયારેક કુટુંબ પરિવાર અને પતિ માટે સર્વસ્વ લૂંટાવી દેનાર મર્યાદા, બલિદાન અને સમર્પણની પુતળી સ્વરૂપે રજૂ કરી. 'સાહિબ, બીવી ઔર ગુલામ' ની નાયિકાને ઘરની નાની વહુ ના રૂપમાં બધી જ સુખસુવિધાઓ આપીને પીડાતી છોડી મૂકી તો 'સાધના' માં બી. આર. ચોપડાએ 'ઔરતને જન્મ દિયા મર્દો કો – મર્દોને ઉસે બાજાર દિયા' ના ધ્વનિ સાથે સ્ત્રીની કરૂણ ગાથા રજૂ કરી છે.

એવું નથી કે દરેક ફિલ્મકારે નારી શોષણના મૂળમાં તેની વ્યક્તિહીનતા કે અબળા—અસહાય હોવાની જ પ્રતિમૂર્તિને જોઈ. આની વિરૂદ્ધમાં ઘણા પ્રબુદ્ધ ફિલ્મકારોએ પુરૂષપ્રધાન સમાજમાં નારીના શોષણને ખૂબ બારીકાઈથી પકડ્યું છે. સાગર સરહદીની 'બાજાર' ફિલ્મમાં લગ્નના નામે મુસ્લિમ પરિવારની છોકરીઓની લેવેચ જેવા શરમજનક રિવાજને પણ ખૂબ જ પ્રામાણિકતાથી પડદા પર લાવ્યા છે. નારીનું શોષણ કેટલાક વિધિ-વિધાન અને રીત–રીવાજોના પાલનથી પણ થઈ શકે છે એ આ ફિલ્મની મૂળ સંવેદના છે. મરાઠી અભિનેત્રી હંસા વાડેકરની આત્મકથા પર આધારિત ફિલ્મ 'ભૂમિકા' માં આ પ્રતિભાશાળી અભિનેત્રીના અલગ-અલગ પુરૂષો સાથેના સંપર્કમાં આવ્યા પછીના દૈહિક ભાવાત્મક શોષણની મર્મસ્પર્શી ગાથા આજે પણ દર્શકની ચેતના જગાડી જાય છે.

ગુલઝારની 'દૂસરી સીતા' ની નાયિકાનો પતિ તેની સાથે ફક્ ગેરવર્તણૂંક જ નથી કરતો પરંતુ પોતાની ઐયાશી માટે પોતાની જ પત્નિને બીજા સાથે પણ પીરસવા માગે છે. આ સ્વાભિમાની નાયિક પોતાના પતિની હત્યા કરી દે છે અને પોતે કાયદાના શરણે થઈ જાય છે. શ્યામ બેનેગલની 'નિશાંત' અંકુર' માં જમીનદારોનો સ્ત્રી પ્રતિનો માલિકીનો દ્રષ્ટિકોણ અને સ્ત્રીને ભોગના માધ્યમ તરીકે જ જોવાની ઝેરીલી માનસિકતાને ઉઘાડી છે. નારી શોષણના આ પાવિક રૂપને આ બધી ફિલ્મોમાં પુરી ઈમાનદારીથી પડદા પર રજૂ કર્યું છે. બી. આર. ચોપડાની 'નિકાહ' માં સ્ત્રીને માત્ર પુરૂષનો પડછાયો સમજવાની મુસ્લિમ સમાજની પછાત માનસિકતાને પ્રગતિશીલ રીતે તપાસી છે. આ ફિલ્મની નાયિકા બે પુરૂષોના અહંકારનો શિકાર બનીને પોતાની ઓળખ, પોતાના અસ્તિત્વને શોધે છે.

આ તરફ થોડા નવાં પ્રબુદ્ધ ફિલ્મકારોએ નારી શોષણને ફકત ભાવાત્મક શોષણ સિવાય વૈચારિક દ્રષ્ટિએ પણ તપાસેલ છે.

'અસ્તિત્વ' માં પરસ્ત્રીગમન કરતો નપુંસક પતિ છે. તેનાથી વારંવાર દૂર રહેવા પ્રયત્નશીલ મજબૂર નાયિકા નબળી ક્ષણોમાં શારીરિક સંબંધ બાંધી જ બેસે છે. તેની ક્ષત્રિક કમજોરીને વ્યભિચારનું નામ આપીને તેને સર્વની સામે, સર્વપ્રકારે બહિષ્કૃત કરવામાં આવે છે. 'ચાંદની બાર' મ નાયિકાનું દરેક સ્તરે શોષણ થાય છે. નાયિકાને પોતાની પુત્રીની જેમ રાખતો તેનો મામૂ જ તેની સાથે બળજબરીપૂર્વક મોઢું કાળું કરે છે. 'ચાંદની બાર' માં નાચ—ગાનના નામે શોષણ, માફિયાઓની સાથે લગ્ન બાદ બાળકોને માણસ બનાવવા સુધી કહેવાતા સફેદપોશ વર્ગ ના હાથે થયેલ શોષણનું સાચું અને પીડાદાયક ચિત્ર રજૂ થયું છે. આ ફિલ્મોમાં નારી શોષણ 'વિદાઈ', 'જુદાઈ', 'પરાયા ધન' જેવા પારસ્પરિક રૂપમાં ન હોઈ ને પોતાના અસ્તિત્વ અને અસ્મિતા ખાતર સંઘર્ષ કરવા પાછળ પણ થતાં શોપાની કરૂણ ગાથા છે. 'દમન' ની નાયિકા પોતાના ક્રૂર પતિ દ્વારા અપમાન અને તિરસ્કારને સહન કરે છે અને પતિ સામે દરેક વાતે તેને હાર સ્વીકારવી પડે છે. તેનો અહંકાર ડગલે ને પગલે ઘવાય છે, પણ તે ન્યાય પ્રક્રિયા સામે બાથ ભીડીને પોતાનો હક મેળવવા માટે સતત સંઘર્ષ કરે છે. પુરૂષ પ્રધાન સમાજમાં જાગૃત સ્ત્રીને પ્રથમથી જ અપેક્ષાથી પણ વધારે પીડા ભોગવવી પડે છે. આ સત્ય તથ્યને ઉઘાડવા આ ફિલ્મ વધારે સાર્થક રહી છે. ગોવિંદ નિહલાનીની 'આક્રોશ' ના નાયક ને તો સત્તા સંપન્ન વર્ગ દ્વારા થતા નારી પરના શોષણની વૃત્તિ એટલી હદે આતંકીત કરે છે કે પોતાની યુવાન બહેનની આ ભયથી જ હત્યા કરી નાખે છે કે પોતાને ફાંસી મળ્યા બાદ તેની બહેનની સ્થિતિ પણ પોતાની પત્નિ સમાન ન થાય.

'પ્રાણ જાય પર શાન ન જાય' માં નારી શોષણની ગાથા થોડી અલગ છે. અહીં એક પતિ પોતાની પત્નિને તેની ઈચ્છા વિરૂદ્ધ ભોગવવામાં મર્દાનગી સમજે છે. તો બીજો પતિ પોતાની પત્નિને સંતાન સુખ તો નથી જ આપી શકતો પરંતુ બીજા બાળકને ખોળે પણ બેસાડવા નથી માંગતો. પોતાના પરિવાર માટે લગ્ન ન કરીને કુટુંબના સભ્યોનું ભરણ—પોષણ કરવા માટે ધંધો કરવો પડે છે. નારી શોષણ પર બનેલી ફિલ્મોની યાદી જેટલી બનાવો તેટલી ઓછી પડે છે. બદલાતા સમય, નવા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વાતાવરણમાં નૈતિકતાની વ્યાખ્યાઓ બદલી છે અને નારી શોષણને અનાવશ્યક દૈહિક પ્રદર્શન અથવા ઉત્પાદનનું સાધન ગણીને તેની છબીને સસ્તી અને વ્યક્તિવિહીન બનાવીને રજૂ કરવામાં પણ સ્ત્રી પ્રત્યે શોષણની નવી રીતો સામે આવે છે. છતાં પણ આપણા ફિલ્મકારો નારી શોષણની આ સતત પ્રક્રિયાના બેવડા વલણને ઉઘાડીને શોષણચક્રની વિરૂદ્ધ જનમત તૈયાર કરવામાં પોતાની મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

**<u>સંદર્ભગ્રંથો</u>**:


૧. મિર્ચ મસાલા - ભરત મહેતા

૨. ચલચિત્ર છલચિત્ર - અમૃત ગંગર

૩. સિનેમા વિમર્શ - અમૃત ગંગર

૪. ફિલ્મ નિર્માણ પ્રક્રિયા - અભિજીત વ્યાસ